# ગણપત યુનિવર્સિટીના નર્સિંગ ઈન્સ્ટિટયુટ દ્વારા 'વિશ્વ આરોગ્ય દિવસ'ની ઉજવણી

## વિવિધ હોસ્પિટલોમાં હેલ્થ - એક્ઝિબિશન, પોસ્ટર પ્રેઝન્ટેશન એ નાટક જેવી પ્રવૃત્તિઓ કરવામાં આવી







ગણપતવિદ્યાનગર, તા. ૧૨
આરોગ્ય અધિકાર એ મૂળભૂત માનવ - અધિકાર છે એ બાબતને ધ્યાનમાં રાખીન દર વર્ષે ૭મી એપ્રિલને 'વિશ્વ આરોગ્ય દિવસ' તરીકે ઉજવવામાં આવે છે. દર વર્ષે એક ચોક્કસ આરોગ્ય - વિચારને કેન્દ્રમાં રાખી આ ઉજવણી કરવામાં આવે છે. આ વર્ષે 'હેલ્થ ફોર ઓલ' નો વિચાર કેન્દ્રમાં રાખી દેશભરમાં 'વિશ્વ આરોગ્ય દિવસ' ઉજવાયો. ગણપત યુનિવર્સિટીના 'કુમુદ અને ભૂપેશ ઈન્સ્ટિટયુટ ઓફ નર્સિંગ' દ્વારા સમાજમાં સ્વાસ્થ્ય વિષે જાગૃતિ ફેલાય તેવી વિવિધ પ્રવૃત્તિઓનું વિશ્વ આરોગ્ય દિવસે આયોજન કરવામાં આવ્યું હતું. જેના ભાગરૂપે ઈન્સ્ટિટયુટ ઓફ હેલ્થ સાયન્સ, ઈથોપિયા, પૂર્વ આફ્રિકાના ડૉ. એસ. વસંતકુમારીનું ઓનલાઈન લેકચર યોજવામાં આવ્યું હતું. તો નર્સિંગ ઈન્સ્ટિટયુટના વિદ્યાર્થીઓ દ્વારા વિવિધ હોસ્પિટલોમાં સ્વાસ્થ્યની જાગૃતિ માટે પ્રદર્શન, પોસ્ટર પ્રેજન્ટેશન અને નાટકનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. ગણપત યુનિવર્સિટીના નર્સિંગ ઈન્સ્ટિટયુટના આચાર્ય ડૉ. કાયાગવેલ્લી નાગેશ્વરના માર્ગદર્શન હેઠળ થયેલી આ સમગ્ર ઉજવણીએ ભારે સફળતા હાંસલ કરી હતી.

# પ્રાંતિજ નેશનલ હાઈવે આઠ ઉપર ટ્રક ચાલકે સ્ટેરીંગ ઉપર થી કાબુ ગુમાવતા ડિવાઈડર તોડી અંદર ધુસી ગયો

### કાર ચાલક આડેધડ હંકારી લાવતા ટ્રક ચાલક ગભરાયી જતા સ્ટેરીંગ ઉપર કાબુ ગુમાવ્યો : મોટી જાનહાની ટળી






પ્રાંતિજ તા.૧૨
સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ ના નેશનલ હાઈવેઆઠ ઉપર એક ટ્રક ચાલકે સ્ટેરીંગ ઉપર થી કાબુ ગુમાવતા ડિવાઈડર તોડી ડિવાઈડર ઉપર ચડી ગઈ. પ્રાંતિજ નેશનલ હાઈવેઆઠ ક્રિસ્ટલ પબ્લિક સ્કુલ પાસે હિંમતનગર તરફથી અમદાવાદ તરફ જતી ટ્રક પાછળ એક કાર કાર નો ચાલક ફુલફાસ્ટ બેદરકારી રીતે હંકારી લાવતા ટ્રક ચાલક એક દમ ગભરાઈ જતા ટ્રક ચાલક એકદમ ગભરાઈ જતા ટ્રક ચાલકે સ્ટેરીંગ ઉપર થી કાબુ ગુમાવતા ટ્રક રોડ ની વચોવચ આવેલ ડિવાઈડર વચ્ચે ધુસી ગયો હતો તો ડિવાઈડર વચ્ચોવચ આવેલ માટી મા ટ્રક ના ટાયર ધુસી ગયા હતા તો મોટી જાનહાની ટળી હતી.

# ડીસા-પાલનપુર હાઈવે ઉપર વધુ એક કારમાં આગ ભભૂકી

### ચાલકની સમય સુચકતાથી જાનહાની ટળી



ડીસા, તા. ૧૨
ડીસા- પાલનપુર હાઈવે ઉપર વધુ એક કારમાં આગ લાગવાની ઘટના સામે આવી છે જોકે આગના પગલે ચાલક બહાર નીકળી જતા જાનહાની ટળી જવા પામી હતી પરંતુ કાર સંપૂર્ણ બળી જતા કાર માલિકને નુકશાન થવા પામ્યું છે. ઉનાળાની આકરી ગરમીની શરૂઆતના પગલે વાહનોમાં આગ લાગવાની ઘટનાઓ પણ બનવા લાગી છે. બે દિવસ અગાઉ જ પાલનપુર-ડીસા હાઈવે ઉપર ટ્રકમાં આગ લાગ્યા બાદ આજે વધુ એક ચાલુ કારમાં આગ લાગવાની ઘટના બની છે. જેમાં એક અલ્ટો કાર ડીસા- પાલનપુર હાઈવે ઉપરથી પસાર થઈ રહી હતી. તે દરમિયાન અચાનક ચાલુ કારમાં આગ લાગી હતી. ઘટનાને પગલે સમય સૂચકતા વાપરી કાર ચાલક કારમાંથી બહાર નીકળી જતા જાનહાની ટળી જવા પામી હતી.બનાવના પગલે ડીસા ફાયર ફાઈટરની ટિમ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી પાણીનો મારો ચલાવી આગ ઉપર કાબુ મેળવ્યો હતો પરંતુ તે પહેલા કાર સંપૂર્ણ બળી જતા કાર માલિકને નુકશાન થવા પામ્યું છે. અત્રે ઉલ્લેખનીય છે કે છેલ્લા દસ દિવસમાં ડીસા વિસ્તારમાં ચારેક વાહનોમાં આગ લાગવાની ઘટના બની છે જેમાં બે બાઈક, એક ટ્રેકટર અને આજે કારમાં આગ લાગવાની ઘટના બનવા પામી છે.

### પેપર ફૂટવાની સીસ્ટમ પછી ઉમેદવારોનો સ્પર્ધાત્મક વિષયની પરીક્ષાથી મોહભંગ

# જૂનિયર કલાર્ક પરીક્ષા - ઉત્તર ગુજરાતમાં ૧.૦૭ લાખ ઉમેદવારો ગેરહાજર રહેતાં ચિંતાનો વિષય

### સરકાર અને ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ પણ ગંભીરતાથી વિચારે

બાયડ તા.૧૨
ગત રોજ રાજ્ય સહિત ઉત્તર ગુજરાતના ૫ જિલ્લામાં ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ દ્વારા જૂનિયર કલાર્ક સંવર્ગની પરીક્ષા યોજાઈ. ઉત્તર ગુજરાતના ૬૧૮ પરીક્ષા કેન્દ્રો ઉપર નોંધાયેલા ૧,૯૮,૦૧૪ ઉમેદવારોમાંથી માત્ર ૮૩,૪૨૫ ઉમેદવારોએ પરીક્ષા આપી. ૧,૦૭,૩૮૯ ઉમેદવારો ગેરહાજર રહ્યા એટલે કે ઉત્તર ગુજરાતમાં ૫૭ ટકાથી વધુ ઉમેદવારોએ પરીક્ષા આપવાનું ટાળી દીધું. સરકાર અને ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળને પેપર ફૂટવાની પરંપરા તૂટતાં રાહત થઈ અને તેનો જશ લીધો હશે પરંતુ સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં ઉમેદવારોની સંખ્યા ઘટવા બાબતે સરકારે હવે ગહન ચિંતન કરવાનો સમય પાકી ગયો છે.

કાળઝાળ ઉનાળામાં પેપર ફૂટશે તો ની દહેશત વચ્ચે તા.૯ એપ્રિલે રાજ્યના ૩૩ જિલ્લામાં જૂનિયર કલાર્કની પરીક્ષા યોજવામાં આવી. ઉમેદવારોને જિલ્લાફેર પરીક્ષા કેન્દ્રોમાં મૂકાયા અને જે અસહ્ય હાલાકી ભોગવતા દ્રશ્યો સામે આવ્યા તે બધું પેપર ન ફૂટવાના કારણે ભૂલાઈ ગયું. પરંતુ હવે રાજ્ય સરકારે સરકારી નોકરી માટે માપદંડો બદલવાની જરુર છે. સ્પર્ધાત્મક પરીક્ષામાં એટલી હદે પ્રશ્નપત્રો અઘરા હોય છે કે ખુદ બેરોજગારો નાસીપાસ થઈ જાય. ગત રોજ લેવાયેલી જૂનિયર કલાર્કનું પ્રશ્નપત્ર એટલી હદે અઘરુ હતું કે સરકારની ટીકા કરનારાઓએ જાહેરમાં આવ્યા વગર અંદરખાને પેપરની બ્લ્યુપ્રિન્ટ બાબતે રોષ ઠાલવ્યો છે. ઉમેદવારો પાસ જ ન થાય કે પછી ૫૦ થી વધુ માર્કસ ન મેળવે તેવું ગણિત મૂકાયું હોય તેવું પ્રશ્નપત્રના ઢાંચા ઉપરથી જણાયું. માત્ર ૧૦૦ ગુણના પ્રશ્નપત્રથી ઉમેદવારની સ્કીલ નક્કી ન કરી શકાય અને સરકારે તો પ્રશ્નપત્ર ન તે માટે નવો આયામ વિચાર્યો પરંતુ દરેક સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં રજીસ્ટર થયેલા બેરોજગારો કરતાં ઓછા ઉમેદવારો પરીક્ષા આપે છે તે માટે ચિંતન કરવાનો સમય પાકી ગયો છે. રવિવારે યોજાયેલી પરીક્ષામાં ૧૧૮૧ ઉમેદવારોને નોકરી નસીબ થવાની છે. પરંતુ જે રીતે ૪૧ થી ૪૨ ટકા ઉમેદવારોની હાજરી જોવા મળી તે વર્તમાન સમયમાં સરકાર અને વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાનું આયોજન કરતા સરકારી પસંદગી મંડળોએ એક ટેબલ પર બેસી બેરોજગારોની ચિંતા કરવી રહી.

# જાયન્ટ્સ ગૃપ-બાયડ આયોજીત બેઝીક ફાયર સેફ્ટી સેમીનાર યોજાયો




બાયડ તા.૧૨
અરવલ્લી જિલ્લાની અગ્ર હરોળની સેવાકીય સંસ્થાઓમાં નામના મેળવેલી જાયન્ટ્સ ગૃપ ઓફ બાયડ અને જાયન્ટ્સ ગૃપ ઓફ બાયડ સાહેલી આયોજીત બાયડ તાલુકાની અંતરીયાળ અને જાયન્ટ્સ ગૃપ બાયડ એ દત્તક લીધેલ પાલડી પ્રાથમિક શાળામાં આગ લાગવાના અવાર નવાર બનાવો બને છે ત્યારે બેઝીક ફાયર અને સેફ્ટી ટ્રેનિંગ મોકડ્રીલ સેમીનારનું આયોજન કરવામાં આવ્યું હતું.

જાણવા મળ્યા મુજબ ઉનાળાના પગરવ શરૂ થયા છે ત્યારે આગ લાગવાના અવાર નવાર બનાવો નોંધાતા જોવા મળે છે. ત્યારે જાયન્ટ્સ ગૃપ ઓફ બાયડ આયોજીત તાલુકાની પાલડી પ્રાથમિક શાળાના બાળકોને આગ લાગે ત્યારે શું કરવું જોઈએ તેની સમજણના ભાગ રૂપે જાયન્ટ્સ ગૃપ ઓફ બાયડના પ્રમુખ શૈલેષ એસ. ભાટીયા, સાહેલી પ્રમુખ નિમિષા ભાટીયાની રાહબરી હેઠળ એન.સી.એફ. ધર્મેશભાઈ સોનીના સહયોગ દ્વારા જય હિન્દ એન્ટરપ્રાઈઝ ના હિરેનભાઈ દરજી એ પ્રા.શાળાના બાળકોને બેઝીક ફાયર અને સેફ્ટી ટ્રેનિંગ મોકડ્રીલ સેમીનારમાં આગ લાગવાની ઘટનાઓમાં શું કરવું તે વિશે ખુબ ઉંડાણથી માહિતી પૂરી પાડવામાં આવી હતી. શાળાના બાળકોએ એક ધ્યાન થઈ અગ્નિશામકની જાણકારીમાં અચાનક આગ લાગે ત્યારે કઈ કઈ બાબતો ધ્યાનમાં રાખવી અને શું કરવું, શું ના કરવું તેનું ડેમોસ્ટ્રેશન પણ કરવામાં આવ્યું હતું. સમગ્ર મોકડ્રીલ સેમીનારમાં શાળાના મુખ્ય શિક્ષક, શાળા સ્ટાફનો ખુબ જ સહકાર મળ્યો હતો.

# મોડાસા મામલતદાર કચેરીમાં જગ્યાનો અભાવ, રેકર્ડ માટે ત્રણ-ત્રણ જગ્યા, કચેરી શહેરી વિસ્તારમાં લાવવા ઉઠી માંગ

મોડાસા, તા. ૧૨
અરવલ્લી જિલ્લાની રચના થયા પછી નવીન કચેરીઓની ફાળવણી કરવામાં આવી રહી છે, તો કેટલીક કચેરીઓ આવવાની બાકી છે. જિલ્લા કક્ષાની કચેરીઓ માટે જિલ્લા સેવા સદન બનાવવામાં આવ્યું હતું, જ્યાં જિલ્લાની મોટાભાગની કચેરીઓ કાર્યરત કરાઈ છે, પણ જિલ્લા સેવા સદનમાં ચાલતી મોડાસા મામલતદાર કચેરીને કારણે અરજદારો એ હાલાકીઓનો સામનો કરવો પડી રહ્યો છે. ખાસ કરીને મોડાસા શહેરી વિસ્તારના લોકો તેમજ તાલુકાના અરજદારોએ ત્રણ થી ચાર કિ.મી.દૂર જિલ્લા સેવા સદન આવવું પડે છે. સામાન્ય રીતે તાલુકા કક્ષાની કચેરી તો જે-તે શહેરી વિસ્તારમાં જ હોવી જોઈએ અને આ બાબતે પૂર્વ કલેક્ટરે પણ નોંધ્યું હતું. સૂત્રો તરફથી એ પણમાહિતી મળી હતી કે આ બાબતે જગ્યા જોવાની વાતો પણચાલી હતી, પણ કોઈ આગળ કાર્યવાહી ન થઈ તે યક્ષ પ્રશ્ન છે.

### કોને પડે છે હાલાકી

સામાન્ય રીતે વયોવૃદ્ધ પેન્શન માટે પહેલા નગર પાલિકાથી દાખલો લાવો પડે છે અને ત્યારબાદ મોડાસા મામલતદાર કચેરીએ જવું પડતું હોય છે. એટલું જ નહીં કેટલાક કામ તો પાલિકા અને મામલતદાર કચેરી સાથે સંલગ્ન હોય છે જેથી જો કોઈ એક કાગળ કે બીજી કોઈભૂલ થઈ ગઈ હોય તો છેક મામલતદાર કચેરીથી શહેરી વિકાસ ફરીથી પાછા પરવું પડે છે. જેમાં પેન્શનના લાભાર્થી તેમજ વયોવૃદ્ધ સહિત અન્ય અરજદારોને હાલાકીઓ પડી રહી છે.

### મોડાસા શહેરી વિસ્તારમાં કઈ જગ્યાએ આવી શકે મામલતદાર કચેરી

મોડાસા મામલતદાર કચેરી શહેરી વિસ્તારમાં લાવવા માટે મકાનનો અભાવ હોવાની પણ વાતો સામે આવી હતી, પણ સિંચાઈના ક્વાર્ટર માં ઘણી જગ્યા છે, એટલું જ નહીં માલપુર રોજ પર જુની કૉર્ટ નુ મકાન પણ છે, જ્યાં હાલ પાણી પુરવઠા કચેરી કાર્યરત છે. અહીં મામલતદાર કચેરી અને પ્રાંત કચેરી પણ આવી શકે એમ છે, અને પાણી પુરવઠા કચેરી જિલ્લા સેવા સદનમાં શિફટ થઈ શકે તો આ સમસ્યાનું સમાધાન થઈ શકે એમ છે.

### શહેરી વિસ્તારમાં મામલતદાર કચેરી હોય તો શું ફરક પડે

સામાન્ય રીતે તાલુકા કક્ષાની મામલતદાર કચેરી શહેરી વિસ્તારમાં હોય તો અધિકારીની અવર-જવર રહે તો ટ્રાફિક ની સમસ્યા પર થોડું ધ્યાન રહે.




### હાલ ની મામલતદાર કચેરીની જગ્યા ખૂબ જ ઓછી હોવાથી રેકર્ડ મુકવાની તકલીફ

હાલ મોડાસા મામલતદાર કચેરી જિલ્લા સેવા સદનમાં કાર્યરત છે પણ અહીં જગ્યાનો અભાવ હોવાથી રેકર્ડ મુકવા માટે પૂરતી જગ્યા નથી. કેટલાક રેકર્ડ તો મોડાસા બજાર વિસ્તારમાં આવેલી જુની મામલતદાર કચેરી ખાતે રખાયા છે તો કેટલાક રેકર્ડ જિલ્લા સેવા સદનના ત્રીજા માળ પણ હંગામી રેકર્ડ માટેની વ્યવસ્થા કરાઈ છે. અરજદારોને જુના રેકર્ડ મેળવવા હોય તો કર્મચારીઓ એ જુની મામલતદાર કચેરી બજાર વિસ્તારમાં આવવું પડે છે જેને લઈને સમયનો વેડફાટ થાય છે અને અરજદાર પણ મુશ્કેલીમાં મુકાઈ જતા હોય છે. મોડાસા મામલતદાર કચેરીને હેરી વિસ્તારમાં લાવવી ખૂબ જ જરૂરી છે, કારણ કે, તાલુકાની કચેરી તો શહેરીમાં જ હોય તેવું પૂર્વ અધિકારીઓએ પણ માન્યું હતું અને આ બાબતે ચર્ચાઓ પણ ચાલી હોવાની માહિતી પ્રાપ્ત થઈ છે.

### ડીસા નગરપાલિકા દ્વારા જાણીતી ગૌશાળા તોડી પાડવાની કાર્યવાહી : ગૌધન રઝળી પડતા ગૌ સેવકોમાં આક્રોશ

ડીસામાં હરિઓમ સ્કૂલ પાછળ આવેલા હઠીલા હનુમાન મંદિર વાળી જગ્યામાં તત્કાલીન મહંત સ્વ. નરસિંહદાસજી મહારાજે અન્નક્ષેત્ર તેમજ ગૌશાળામાં ડીસા શહેરમાં રખડતી અને બીમાર ગૌમાતાઓની સેવા શરૂ કરી હતી. જોકે નરસિંહદાસજી મહારાજ બ્રહ્મલીન થતા તેમજ લંપી વાયરસ બાદ આ જગ્યા પર ટ્રસ્ટીઓ દ્વારા કોઈ પ્રવૃત્તિ ન થતા ડીસાના સેવાભાવિ ગૌસેવક મગશી રબારીએ અન્ય સેવાભાવીઓની મદદથી આ જગ્યા પર બીમાર ગૌમાતાઓની સેવા તેમજ રખડતા ઢોરોને ઘાસચારાની વ્યવસ્થાની જવાબદારી સંભાળી હતી.જોકે ડીસા નગરપાલિકા દ્વારા આ જગ્યા બિન નંબરી હોવાથી તેમજ આ જગ્યામાં દબાણ કરી પાકા શેડ તેમજ મંદિરો બાંધવામાં આવ્યા હોઈ, આ દબાણો દૂર કરવા મગસી રબારીને નોટીસ આપવામાં આવી હતી. આ જગ્યાની બિલકુલ પાછળ ૫૦ વીઘા જેટલી જગ્યા પણ દબાણમાં છે અને એ જગ્યામાં ગેરકાયદેસર રીતે કતલખાના ચાલી રહ્યા છે. ત્યારે પાલિકા દ્વારા ગૌ સેવા માટેની જગ્યાને નોટીસ આપતા ગૌ સેવકોમાં રોષ વ્યાપી જવા પામ્યો હતો.

### જલ સેવા એજ પ્રભુ સેવા

# મોડાસાના વંદન રાવલ દ્વારા પાણીના માટલા મુકીને ઉનાળાની ઋતુમા અનોખી સેવા

**"કભી પ્યાસે કો પાણી પીલાયા નહીં તો અમૃત પીલાને સે કયાં ફાયદા "**



બાયડ તા.૧૨
ઉનાળાની શરૂઆત થઈ ગઈ છે અને દિવસે ને દિવસે ગરમી નું પ્રમાણ વધતું જાય છે ગરમી મા પાણી નો ઉપયોગ પણ વધુ પ્રમાણમાં કરવામાં આવે છે ત્યારે ગરમી મા લોકો ને રાહત મળે તે માટે અરવલ્લી જિલ્લા ના મોડાસા ખાતે આવેલ ફોરમ સિટી ના રહેવાસી અને મોડાસા ના જનસેવક એવા વંદન ભાઈ રાવલ દ્વારા ફોરમ સિટી ખાતે પાણી ના માટલા મુકવામાં આવ્યા અને જલ સેવા એજ પ્રભુ સેવા નું સૂત્ર સાત્વિક કરયું હતું